કો.જા.નં.1132

કોમ્પ્યુટર વિભાગ
જાવક નંબર...1132...
તા...1/12/2021

કોમ્પ્યુટર વિભાગ
તા.30/૧૧/૨૦૨૧

:: <u>દફતરી હુકમ</u> ::

વિષય : કન્ઝ્યુમેબલ આઇટમો સમયસર સપ્લાય ન કરવા બાબત

સંદર્ભ : ૧) LOI કો.જા.નં No-૧૧૮૭, તા.૧૯/૧૨/૨૦૨૦
૨) PO No-૧૭૧૬, તા.૧૨/03/૨૦૨૧
3) PO No-૧૭૭3, તા.૨૦/03/૨૦૨૧
૪) PO No-૮૧૧, તા.૨૪/૦૯/૨૦૨૧
૫) PO No-૮૬૮, તા.૦૫/૧૦/૨૦૨૧
૬) કો.જા.નં.-૭૪૩, તા.૦૯/૦૯/૨૦૨૧(નોટીસ રિમાઈન્ડર-૧)
૭) કો.જા.નં.-૮૭૫, તા.૦૭/૧૦/૨૦૨૧(નોટીસ રિમાઈન્ડર-૨)
૮) કો.જા.નં.-૯૫૨, તા.૨૬/૧૦/૨૦૨૧(નોટીસ રિમાઈન્ડર-3)
૯) કો.જા.નં.-૧૦૧૮, તા.૦૯/૧૧/૨૦૨૧(નોટીસ રિમાઈન્ડર-૪)
૧૦) કો.જા.નં-૧૦૬૩, તા.૧૮/૧૧/૨૦૨૧(નોટીસ રિમાઈન્ડર-૫)
૧૧) કો.જા.નં-૧૦૯૦, તા.૨૪/૧૧/૨૦૨૧(નોટીસ રિમાઈન્ડર-૬)

સવિનય સાથ જણાવવાનું કે નવકાર એજન્સી દ્વારા ટેન્ડર નંબર- **BMC/COMPUTER/02/2020-21** કોમ્પ્યુટર કન્ઝ્યુમેબલ આઇટમોના વાર્ષિક કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર ભરવામાં આવેલ. જે અન્વયે વિવિધ કન્ઝ્યુમેબલ આઇટમોમાં **"નવકાર ઇન્ફોમીડીયા"** L1 થતી હોય તેઓની સાથે નેગોશીએશન કરી, જે આઇટમોમાં તેઓની એજન્સી L1 બનેલ, તેનું કામ સ્ટે.ક.ઠરાવ નંબર-૬30, તા-૧૧/૧૨/૨૦૨૦ અન્વયે LOI No-૧૧૮૭, તા.-૧૯/૧૨/૨૦૨૦થી તેમની એજન્સીને સોંપેલ.

ઉપરોક્ત સંદર્ભિત વિષય અન્વયે જણાવવાનું કે "નવકાર ઇન્ફોમીડીયા"ને સંદર્ભ (૨) અને સંદર્ભ (3)થી જે PO આપવામાં આવેલ, તે અન્વયે સપ્લાય કરવામાં આવેલ આઇટમો પૈકી સંદર્ભ (૨)ના POમાં ૧ નંગ અને સંદર્ભ (3)ના POમાં ૨ નંગ આઇટમો ડુપ્લીકેટ મળી આવતા, એજન્સીને ઇ-મેઇલ દ્વારા જાણ કરવામાં આવેલ, પરંતુ તે અંગે એજન્સી દ્વારા કોઇપણ પ્રત્યુત્તર આપવામાં આવેલ નથી. ત્યારબાદ સંદર્ભ (૪) અને સંદર્ભ (૫)થી જે PO આપવામાં આવેલ, તે આઇટમો હજુ સુધી સપ્લાય કરવામાં આવેલ નથી. આમ, સમયસર આઇટમો સપ્લાય ન થવાથી એજન્સીને સંદર્ભ (૬) અને (૭)થી તેનો ખુલાસો માગવામાં આવેલ, જે અન્વયે એજન્સી દ્વારા કોઇ જ ખુલાસો રજુ કરેલ નથી. એજન્સીની કામગીરી નબળી અને અસંતોષકારક જણાતા, ટેન્ડરની **શરત નં-૧.૨૨**માં જણાવ્યા પ્રમાણે એજન્સીને **બ્લેકલિસ્ટ** (કાળી યાદી)માં શા માટે ન મુકવી ? તેનો ખુલાસો એજન્સી પાસે સંદર્ભ (૭) થી સંદર્ભ (૧૧) થી માગવામાં આવેલ, પરંતુ તે અંગે આજદિન સુધી એજન્સી તરફથી કોઇ જ ખુલાસો રજુ કરેલ નથી. તેમજ સંદર્ભ (૬) અને (૭) અન્વયેની કોઇ જ આઇટમો સપ્લાય કરેલ નથી.

વિશેષમાં ઉપરોક્ત મુજબની સંપૂર્ણ સમયગાળા દરમિયાન એજન્સી દ્વારા BMCના કોઇ કર્મચારીના ફોન કોલ ઉપાડવામાં આવતા ન હતા કે BMCના કોઇ જ ઇ-મેઇલ/પત્રોના પ્રત્યુત્તરો કરવામાં આવતા ન હતા. આમ, એજન્સી **નવકાર ઇન્ફોમીડીયા**"ની કામગીરી ટેન્ડરના નિયમોનુસારની ન હોય તથા સંતોષકારક ન હોય, તેમને ફાળવેલ સદર કામને રદ્દ ગણી, ભરેલ સિક્યુરીટી ડિપોઝીટની રકમ રૂ.૫,૦૦૦/- જપ્ત કરવા, અને ભવિષ્યમાં આ એજન્સીના કોઇ જ ટેન્ડરોને ધ્યાને ન લેતા, તેમને હંમેશ માટે કાળી યાદીમાં (બ્લેક લિસ્ટ) મુકવાનો હુકમ કરવામાં આવે છે.

"નોંધ પરની માન.કમિશ્નરશ્રીની આજ્ઞાનુસાર"

કોમ્પ્યુટર વિભાગ • મહાનગરપાલિકા ભાવનગર

નાયબ કમિશ્નરશ્રી
જનરલ
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર